ફોજદારી કેસ નં. ૩૮૬૭૩/૨૦૦૫

**<u>આંક ૧ નીચે હુકમ</u>**

ફરીયાદીએ આ ફરીયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ દાખલ કરેલ છે. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સમરી ટ્રાયલ/સમન્સ ટ્રાયેબલ પધ્ધતિથી ચલાવવાની રહે છે. કાયદાના સિધ્ધાંત અનુસાર ખાનગી ફરીયાદના કામે ફરીયાદીએ દરેક મુદતે હાજર રહેવું ફરજીયાત છે. સીઆર.પી.સી. કલમ ૨૫૬ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો જયારે ફરીયાદી અદાલત સમક્ષ ઉપસ્થિત રહે નહીં ત્યારે અદાલત ફરીયાદીની ગેરહાજરીના કારણે ફરીયાદ કાઢી નાખવાનો હુકમ ફરમાવી શકે છે.

હાથ પરના કીસ્સામાં આરોપી પર પ્રોસેસની બજવણી થયેલ નથી. ફરીયાદી ધ્વારા રેકર્ડ વંચાણે લેતાં ફલીત થાય છે કે ૨૦૦૯ બાદ ફરીયાદી જાતે કે તેમના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ ઉપસ્થિત રહેતા નથી કે કોઈ હેતુલક્ષી કાર્યવાહી આગળ ચલાવેલ નથી. ફરીયાદીના આવા વર્તન પરથી ફરીયાદીને હવે આ ખાનગી ફરીયાદ આગળ ચલાવવામાં કોઈ રસ રહયો ન હોય તેમ જણાઈ આવે છે. એટલું જ નહીં, ફરીયાદીને તા.૨૫/૬/૨૦૧૯ ની નોટીસ (આંક ૭)ની બજવણી થયેલ હોવા છતાં તેઓ અદાલતમાં ઉપસ્થિત રહેલ નથી. આ કેસ ૨૦૦૫ ના વર્ષનો છે. ઉપરોકત દર્શાવેલ પરીસ્થિતી રેકર્ડની હોવા છતાં ફરીયાદી ધ્વારા હેતુલક્ષી કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. આમ, જો આ ફરીયાદ પેન્ડીંગ રાખવામાં આવે તો ભવિષ્યમાં લાંબા સમય સુધી આ કેસ વગર કોઈ કાર્યવાહી થયે પડી રહે તેમ છે. ફરીયાદીની હાજરી વગર આ કામની આગળની ઈન્સાફી કાર્યવાહી ચાલી શકે તેમ ન હોઈ, ફરીયાદીની ગેરહાજરીના કારણે ફરીયાદીની ફરીયાદ સીઆર.પી.સી. કલમ ૨૫૬ ની જોગવાઈ અન્વયે કાઢી નાખવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૩/૭/૨૦૧૯ ના રોજની નેશનલ લોક અદાલતમાં જાહેર થયેલ સ્પેશીયલ સીટીંગમાં કરવામાં આવ્યો.

તા.૧૩/૭/૨૦૧૯
વડોદરા

**(સુશીલ ભગવંતરાય ભટ્ટ)**
૧૨મા અધિક સિની. સિવિલ જજ અને
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વડોદરા.
**JUDGE CODE : GJ-00857**